

પ્રાંતિજ વિધાનસભા મતદાર વિભાગનું ચૂંટણી અધિકારી દ્વારા હૉમગાર્ડઝ, પોલીસ-સુરક્ષા કર્મીઓનું પોસ્ટલ મતદાન કરવા અંગેનું પૂર્વ આયોજન કરવામાં આવેલ. જેમાં હૉમગાર્ડઝ, પોલીસકર્મીઓ તેમજ મતદાર પ્રક્રિયામાં જોડાનાર મહિલાઓએ મતદાન કર્યું હતું. આઝાદી બાદ લોકશાહીના ઈતિહાસમાં પૂર્વ આયોજન કરી મતદાન કરવાનો અમૂલ્ય લાભ મળેલ છે. જે પ્રસંશનીય છે. જેમાં મતદાર કરનાર તમામ કર્મચારીઓ તેમજ હૉમગાર્ડઝ પોલીસકર્મીઓને આનંદની લાગણી અનુભવી હતી.

# શામળાજી પાસેથી ૮૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો રાજસ્થાનથી બે ટ્રકમાં દારૂ ગુજરાત લવાતો હતો

## પોલીસે બે ટ્રક સહિત ૧ કરોડનો મુદ્દામાલ કબજે લઈ બે ઈસમોને જેલ હવાલે કર્યા

હિંમતનગર, તા. ૮

રાજસ્થાનની સરહદે આવેલા સાબરકાંઠા જિલ્લાના શામળાજી ચેક પોસ્ટ પાસેથી પોલીસે બાતમીના આધારે બે ટ્રકમાંથી રૂ. ૮૬ લાખની કિંમતના વિદેશી દારૂની ૨૧૮૬ પેટી પકડતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ચૂંટણી ટાણે જ વિદેશી દારૂનો આટલો મોટો જથ્થો ઝડપાતાં પોલીસતંત્ર સહિત ચૂંટણીપંચ પણ દોડતું થઈ ગયું છે.

રાજ્યમાં ૧૩ અને ૧૭ ડિસેમ્બરે વિધાનસભાની ચૂંટણીઓ યોજાનાર છે. ત્યારે ચૂંટણીમાં દારૂની હેરાફેરી સામે ચૂંટણીપંચ બાજ નજર રાખી રહ્યું છે. રાજસ્થાનની સરહદને જોડતાં માર્ગો ઉપર ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. છતાં ચૂંટણી માટે ગુજરાતને દારૂ સપ્લાય કરવા માટે બુટલેગરો ગોઠવણ કરી જુદા જુદા મથકો ઉપર દારૂ પહોંચાડવાની કામગીરી કરી રહ્યા છે. આજે રાજસ્થાનથી ગુજરાત લવાઈ રહેલ વિદેશી દારૂનો મોટો જથ્થો બાતમીના આધારે પોલીસે ઝડપી બે ઈસમોને જેલ હવાલે કર્યા છે.



(તસવીર : મગનજી વણઝારા)

પોલીસને મળેલ માહિતી મુજબ રાજસ્થાનથી ટ્રક નં. જીજે-૧૨-એવી-૭૪૮૦ અને ટ્રક નં. એચ.આર.-૪૭-બી-૪૯૪૨માં વિદેશી દારૂનો જથ્થો ગુજરાત તરફ આવી રહ્યો છે. મળેલ બાતમી મુજબ સ્થાનિક અને એલ.સી.બી. પોલીસે શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટ ઉપર નાકાબંધી કરી વોચ ગોઠવી હતી. તે દરમ્યાન બાતમી મુજબની બે ટ્રકો આવતાં અટકાવી તલાસી લેતાં એક ટ્રકમાંથી ૧૧૮૮ પેટી તેમજ બીજી ટ્રકમાંથી ૯૯૮ પેટી વિદેશી દારૂ મળી ૨૧૯૬ પેટી વિદેશી દારૂ પકડાતાં પોલીસ પણ ચોકી ઉઠી હતી. પોલીસે રૂ. ૮૬ લાખની કિંમતનો વિદેશી દારૂ તેમજ રૂ. ૧૫ લાખની કિંમતની બે ટ્રકો સહિત રૂ. ૧.૧૦ કરોડનો મુદ્દામાલ કબજે લઈ રાજસ્થાન બાડમેર જિલ્લાના જાલીયાના જમાલખાન રહીમખાન પઠાણ તેમજ હરિયાણાના મદુના સોહરાબ સલીમખાનને વિદેશી દારૂની બિન અધિકૃત રીતે હેરાફેરી કરવાના ગુન્હામાં ધરપકડ કરી જેલ હવાલે કર્યા છે.

વિધાનસભાની ચૂંટણીને લઈ ચૂંટણીપંચની દારૂની હેરાફેરી ઉપર પ્રતિબંધ હોવા છતાં રાજસ્થાનથી સાબરકાંઠા જિલ્લાના જુદા જુદા માર્ગો ઉપર થઈને ગુજરાતના જુદા જુદા મથકો ઉપર ચેનલથી બુટલેગરો સિફતતાપૂર્વક દારૂ સપ્લાય કરી રહ્યા છે. ૧૦ દિવસ અગાઉ મોડાસા પાસે દારૂ ભરેલી ટ્રક પલ્ટી ખાતા ખોખલી નાકાબંધીનો ભાંડો ફૂટી ગયો હતો.

# સમાચાર ઝલક

- અન્ના હજારેની તબિયત લથડી, હોસ્પિટલમાં આઇ.સી.યુ.માં દાખલ કરાયા.
- લંડનમાં ભારતીય મૂળના જર્સિતા નર્સનું શંકાસ્પદ મૌત.
- ફિલ્મ અભિનેત્રી મનિષા કોઇરાલાની અમેરિકામાં સારવાર હેઠળ તબિયત સુધારા પર.
- વાડીલાલ આઇસ્ક્રીમ હવે બજારમાં દૂધનાં બોક્સ મુકશે.
- ઓરિસ્સામાં ૧૦૦ હાથીઓએ મચાવ્યું તોફાન, તેનાથી ભારે નુકશાન.
- ઇજિપ્તમાં રાષ્ટ્રપ્રમુખના નિવાસસ્થાને ભારે દેખાવો, એક લાખથી વધારે માનવ ભીડે ઘેરાવો કર્યો.
- સરકારી નીતિથી વિકાસમાં રૂકાવટથી રતન તાતાની નારાજગી.
- વિદેશી મુડી રોકાણ બીલને મંજૂરી મળતાં અમેરિકામાં ભારે આવકાર.
- બેંગ્લોરમાં પાકિસ્તાની અંધ ક્રિકેટરએ ફિનાઈલ પીધું.
- જમ્મુ કાશ્મીર સરહદે પાકિસ્તાની રેન્જરોનો ગોળીબાર.
- ચૂંટણી સર્વેલન્સ ટીમે લાલસિંહ વડોદરિયા પાસેથી એક લાખથી વધુ રકમ જપ્ત કરી.
- સૂરતમાં ૨૪ કરોડ હીરાની છેતરપીંડી કરનાર વેપારીની મુંબઇમાંથી ધરપકડ.
- કચ્છ-ભચાઉમાં ભૂંકપના આંચકા નોંધાયા.
- વોલ માર્ટથી દેશમાં કાળુ નાળું વધશે : યોગગુરૂ બાબા રામદેવ.
- અમદાવાદમાં આનંદનગરની હત્યા અંગે બિહારમાંથી ગુનેગારોની ધરપકડ કરાઇ.
- પાટણના ગંજબજાર વિસ્તારમાં ચાર મકાનોના તાળા તૂટ્યાં.
- મોડાસામાં પીપલ્સ બેંકના હોદ્દેદારોના ત્યાં તોડફોડ કરાઇ.
- નવા વર્ષમાં મારૂતીના ભાવમાં વધારો થશે.
- ભાવનગરમાં ધાબળા વિના ધ્રૂજતા બાળ દર્દીઓ.

# પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી વી.ડી. ઝાલાની કોંગ્રેસને અલવિદા

## મને છેક સુધી વિશ્વાસમાં રાખી, ટીકીટ નહિ આપી મારી પીઠમાં ખંજર ભોંક્યું : વી.ડી.

હિંમતનગર, તા.૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અને પુર્વ કાયદામંત્રી વી.ડી. ઝાલાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપતાં કોંગ્રેસમાં હડકમ મચી જવા પામ્યો છે. તેઓ એક-બે દિવસમાં ભાજપમાં જોડાય તેવી શકયતાઓ છે. કેશુભાઈની સરકારમાં તેઓ મંત્રી હતા ત્યારબાદ શંકરસિંહ બાપુ સમયે રાજપામાં ગયા હતા અને પછી કોંગ્રેસમાં. કોંગ્રેસમાંથી તેઓ સાબરકાંઠાની પ્રાંતિજ બેઠક ઉપરથી ત્રણ વખત વિધાનસભાની ચૂંટણી લડયા હતા અને ત્રણે વખત હાર્યા હતા જેથી તેમને આ વખતે ટીકીટ આપવામાં ન આવતા તેઓ એ નારાજ થઈને કોંગ્રેસને અલવિદા કરી છે.



પ્રદેશ મહામંત્રી વી.ડી. ઝાલાએ આજે રાજીનામું આપી વિધિવત જાહેરાત કરી હતી. તેઓ નરેન્દ્ર મોદી સાબરકાંઠામાં ચૂંટણી પ્રવાસે આવશે ત્યારે વિધિવત ભાજપમાં જોડાય તેવી શકયતાઓ છે. તેમના રાજીનામાના પગલે જિલ્લામાં આખો દિવસ ચર્ચાઓ ચાલી હતી.

# બનાસકાંઠા જિલ્લાના જલોત્રા ખાતે નરેન્દ્રભાઈ મોદીની જાહેરસભા યોજાશે


બનાસકાંઠા, તા.૮

ગુજરાત વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને બનાસકાંઠા જિલ્લાના જલોત્રા ખાતે આગામી તારીખ ૧૦ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ બપોરે ૧.૩૦ કલાકે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી એક જાહેર સભાને સંબોધન કરશે. આ સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે અનુરોધ કરવામાં આવે છે તેમ બનાસકાંઠા જિલ્લાના ભાજપના પ્રમુખ ડો. કરણસિંહ મોગરા તેમજ ભાજપ મિડીયા સેલના કન્વીનર રમણલાલ બારોટની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા-વિજયનગર વિધાનસભાના મતદારોમાં કર્મચારીઓ કે જેઓ ચૂંટણી ફરજમાં હોય તેવા કર્મચારીઓએ શનિવારના રોજ શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કર્યું હતું.



## કાંકરેજ તાલુકાના હૉમગાર્ડઝ જવાનોએ પોસ્ટલ મતદાન કર્યું

કાંકરેજ - ૧૫ વિધાનસભા મતદાર વિભાગનું ચૂંટણી અધિકારી દ્વારા હૉમગાર્ડઝ, પોલીસ-સુરક્ષા કર્મીઓનું પોસ્ટલ મતદાન કરવા અંગેનું પૂર્વ આયોજન કરવામાં આવેલ. જેમાં હૉમગાર્ડઝ, પોલીસ કર્મીઓએ મતદાન કર્યું હતું. શિહોરી હૉમગાર્ડઝ યુનિટ અધિકારીઓ આર. કે. જોષીએ જણાવ્યું હતું કે આઝાદી બાદ લોકશાહીના ઈતિહાસમાં પૂર્વ આયોજન કરી મતદાન કરવાનો અમૂલ્ય લાભ મળેલ છે. જે પ્રસંશનીય છે. હૉમગાર્ડઝ પોલીસ કર્મીઓને આનંદની લાગણી અનુભવી હતી.

# પ્રાંતિજમાં ભર બપોરે ગઠીયો પચાસ હજાર રોકડ ભરેલી થેલી લઈ ફરાર

પ્રાંતિજ, તા. ૮

પ્રાંતિજના મુખ્ય ભાખરીયા બસ સ્ટેન્ડ પાસે આજે બપોરના સમયે એક શિક્ષક પોતાના બાઈક પર રૂ. ૫૦,૦૦૦ ની રોકડ થેલી લટકાવી ફ્રૂટની લારી ઉપર સફરજન ખરીદી રહ્યા હતા ત્યારે એક ગઠીયો રોકડ ભરેલી થેલી સરકાવી ફરાર થઈ ગયો હતો. આથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

પ્રાંતિજના ભાખરીયા બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલા હનુમાન મંદિર પાસે આજે બપોરના સમયે દલાની મુવાડી ગામના શિક્ષક એવા દલજીતસિંહ સરદારસિંહ ઝાલા પોતાના જરૂરી કામ આર્થે રૂ.૫૦,૦૦૦ રોકડા એક થેલીમાં લઈ આવી રહ્યા હતા અને તે થેલી બાઈકમાં લટકાવી હતી. દરમિયાન બાઈક નં. જીજે-૯-એકે-૭૨૭૬ બાજુમાં પાર્ક કરી સફરજન ખરીદી રહ્યા હતા ત્યારે નજર ચૂકાવી કોઈ અજાણ્યો ગઠીયો આ રૂપિયા ૫૦,૦૦૦ રોકડાની થેલી સરકાવી ફરાર થઈ ગયો હતો અને શિક્ષકને આ બાબતની જાણ થતા તેઓના હોસ ઉડી ગયા હતા. આ સમગ્ર ઘટનાથી ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ સંદર્ભે દલજીતસિંહની ફરિયાદના આધારે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી ફરાર ગઠીયાની શોધખોળ હાથ ધરી છે.

# લગ્ન વાંચ્છુકો માટે ૧૨-૧૨-૧૨ના અમંગળ ફળકથનો હંબક : જાથા

ગાંધીનગર, તા.૮

દુનિયાભરમાં છેલ્લા અગિયાર વર્ષથી ગણિત ક્રમાંક અનુસાર સ્વાભાવિક સાંયોગિક ઘટનાને અમુક લેભાગુઓ યેનકેન મનની સ્ફુરણા, તુક્કા, વિચારને ગોઠવી જાતજાતના ફળકથનો, ગતકડાઓ મુકી લોકોને ગુમરાહ કરતાં નજરે પડે છે. અમુક લોકો આંધળું અનુકરણ કરે છે. નાગરિકો ઐતિહાસિક તારીખને સાંયોગિક યાદગાર બનાવવા પ્રસંગો ઉભા કરી ઉજવણી કરી શકે છે તે અધિકાર છે. તા. ૧૨-૧૨-૧૨ માત્રને માત્ર સાંયોગિક ગાણિતિક ક્રમાંક છે. જયોતિષીઓ તા. ૧૨-૧૨-૧૨ લગ્ન વાંચ્છુકો માટે અમંગળ ફળકથનો નર્યો બકવાસ છે. શુભ અશુભ, મંગળ-અમંગળ, લાભ-નુકશાન, હોની અનહોની ફળકથનો લેભાગુ જયોતિષીઓના મનની ઉપજ છે. ડોકટર, તજજ્ઞોની વિરુધ્ધ સંતાન પ્રાપ્તિ માટે ફરજીયાત પ્રસુતિ માટે સીઝેરીયન કરાવવું નહિ, ગર્ભનું બાળક, માતાની જિંદગી સાથે ખિલવાડ ન કરવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન જયંત પંડયાએ જણાવ્યું કે વર્ષ ૨૦૦૧-૦૧-૦૧થી કુદરતી સ્વાભાવિક ગાણિતીક ક્રમાંકને યાદગાર કરવા પ્રમાણભાનની મર્યાદા ચુકી નીત નવા અખતરા કરી ઉજવણી કરતાં જોવા મળે છે તેમાં જયોતિષીઓ, અંકશાસ્ત્રીઓ ડૂબકી મારી સાંયોગિક ઘટનામાં મરચું મીઠું ઉમેરી ફળકથનો કરી ગુમરાહ કરતાં નજરે પડે છે. છેલ્લા ૧૧ વર્ષથી કુદરતી ક્રમાંક સાથે ચેડા કરી નકારાત્મક આગાહીઓ લોકોના માથા ઉપર મુકવામાં આવે છે જેને જાથા સખ્ત શબ્દોમાં વખોડે છે.

# પ્રાંતિજના મજરા ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનું સ્નેહમિલન યોજાયું

પ્રાંતિજ, તા.૮


પ્રાંતિજ તાલુકાના મજરા ગામે સાબર કોલેજ ખાતે ભવ્ય સમિયાનામા ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનો સ્નેહમિલન સમારોહ તાજેતરમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ અને કુટુંબીજનો હાજર રહ્યા હતાં.

આ સમારોહમાં સમાજના અગ્રણીઓ અને ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાર્થના અને સમૂહગાનથી સાથે યોજી ૪૨/૮૪ સમાજનું સંગઠન બનાવી તેને મજબુત બનાવવા, સમાજના યુવાનોને શિક્ષિત બનાવવા તેમજ રાજકીય કાવાદાવાથી દૂર રહેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ઉપરાંત સમાજના યુવાનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

# ખેડબ્રહ્મામાં શ્રીમદ્ ભાગવત દશાવતાર જ્ઞાનયજ્ઞ પારાયણ યોજાશે

ખેડબ્રહ્મા, તા.૮

ખેડબ્રહ્મા તાલુકા સનાતન સતપંથ પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત દશાવતાર જ્ઞાનયજ્ઞ પારાયણનું તા. ૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. ખેડબ્રહ્માની જયોતિ હાઈસ્કૂલના પટાંગણમાં યોજાનાર આ જ્ઞાનયજ્ઞની વ્યાસપીઠ ઉપર ફૈજપુરવાળા જનાદર્નજી મહારાજ બિરાજી કથાનું રસપાન કરાવશે. આ પારાયણના મુખ્ય પોથી યજમાન તરીકે માતાજી કંપાના ધનજીભાઈ પોતાભાઈ માકાણી પરિવાર ધર્મ લાભ લેશે. આ જ્ઞાનયજ્ઞમાં પીઠાધિશ્વર પ્રેરણાપીઠ તથા અ.ભા. સંત સમિતિના સંરક્ષક જગદગુરુ નાનક દાસજી મહારાજ સહિત વીસ જેટલા સંતોનું પાવન સાંનિધ્ય સાંપડશે. આ જ્ઞાનયજ્ઞના આયોજન માટે ખેડબ્રહ્મા વિજયનગર વડાલી તથા ઈડર સમાજના પ્રમુખ રમણભાઈ પટેલના અધ્યક્ષસ્થાને એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જ્ઞાનયજ્ઞની પ્રસાર-પ્રચાર સમિતિના કન્વીનર દિનેશભાઈ પી. પટેલે જણાવ્યું હતું કે આ પ્રસંગે સંતશ્રી તુલસીદાસ બાપા ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા હતા. આ કથાના આયોજન માટે અંબાલાલ પી. પટેલ જેઠાભાઈ કે. પટેલ, રાજાભાઈ કે. પટેલ તથા ડૉ. વિનોદભાઈ ડી. પટેલે ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરું પાડયું હતું અને ૬૭ કંપાના ભાઈઓએ કથાની જવાબદારી ઉપાડી લીધી છે.



ગુજરાત રાજ્યની વિધાનસભાની ચૂંટણી પ્રચારના પડઘમ વાગી રહ્યા છે. જેમાં આજે કાંકરેજ ૧૫ વિધાનસભા ભાજપના ઉમેદવાર કીર્તીસિંહ વાઘેલાની જાહેરસભામાં મોટા ગામે જંગી સભા રૂપાલાજીના અધ્યક્ષસ્થાને યોજાઈ જેમાં વિશાળ મેદની ઉમટી પડી હતી. (તસવીર : રામજી રાયગોર)

# હોય તેની કદર કરતાં શીખો!

(પાના નં. ૨નું ચાલુ)

સ્વાદ અને સુગંધ ગુમાવી નહી બેસો? અને સ્પર્શની સંવેદના ન હોય તો? વસ્તુઓનો અનુભવ નહીં થાય. ગરમી ઠંડીનો ખ્યાલ નહી આવે. અરે! પ્રેમાળ વ્યક્તિના સ્પર્શની અનુભૂતિ કેમ થશે? અને આંખો ન હોય તો? કલ્પના કરી જુઓ. થથરી જવાશે. જગતનું સૌંદર્ય જોવાથી જ વંચિત રહી જવાશે. તેનો પણ આભાર માનવો જ જોઇએ.

તો આપણા શરીરમાં ચૂપચાપ કામ કરતા કરોડો કોષો! ચોવીસે કલાક અટક્યા વિના તે કામ કરે છે અને આપણને તંદુરસ્ત રાખે છે. ખબર છે, એક કોષ તોફાન કરે ને, તો પળમાં કેન્સર થઇ જાય, પણ ચૂપચાપ સ્વસ્થતાથી કામ કર છે. માટે કેન્સરથી બચાય છે. આભાર, કોષો તમારો!

અને આપણે હૃદય! તે કામ કરવાનું જરા પણ આળસ કરે તો? અરે, તે છે તો આપણે છીએ. આપણું જીવન છે. તેને કારણે આપણા જીવનમાં ચેતનાનો પ્રવાહ વહેતો રહે છે. તો આપણે કોઇને પ્રેમ કરી શકીએ છીએ. હૃદય તો સૌથી ચમત્કારિક અંગ છે. તેનો તો પળેપળ આભાર માન્યા જ કરવો જોઇએ.

અને મગજ? તે ન હોય તો? બુધ્ધ બનવા જન્મેલા આપણે તેના વિના બુધ્ધુ બની જઇએ છીએ. હૃદય તો સૌથી સમત્કારિક અંગ છે. તેનો તો પળેપળ આભાર માન્યા જ કરવો જોઇએ.

અને મગજ? તે ન હોય તો? બુધ્ધ બનવા જન્મેલા આપણે તેના વિના બુધ્ધુ બની જઇએ છીએ. તે ન વિચારે તો? કોઇ પણ કામ કરી શકશું ખરા? તેના જ્ઞાનતંતુઓ આડાઅવળાં થઇ જાય તો? તેમાં ગરબડ થાય તો? અનેક માનસિક તકલીફોનો ભોગ બની જશું આપણે. હૃદય જો જીવાડે છે, તો મગજ જીવનને અર્થ આપે છે, સૌથી વધારે આભાર મગજનો માનવો જોઇએ. આ આભાર માનવાનો વિચાર પણ મગજ આપે છે.

અનેક યુગોથી બધા જ વિચારકો પોકારી પોકારીને કહે છે કે માત્ર સ્વાસ્થ્ય જ સાચું ધન છે. તે જ જીવનનું સૌથી કિંમતી ધન છે અને આપણે તેના પ્રત્યે જ બેદરકાર રહીએ છીએ. જયારે તે ગુમાવીએ છીએ, ત્યારે તેની કિંમતનું ભાન થાય છે. આ જબરી બેદરકારી છે. એક કહેવત યાદ રાખવા જેવી છે કે, "જે સુંદર સ્વાસ્થ્ય ભોગવે છે, તે જ સમૃધ્ધ છે, ભલેને તે જાણતા ન હોય." આપણે સ્વસ્થ હોઇએ છીએ, ત્યારે ભાગ્યે જ તે વિચારતા હોઇએ છીએ. પણ એક વાર પથારીવશ થયા, ત્યારે ખ્યાલ આવે છે કે સ્વાસ્થ્ય મેળવવા આપણે બધું જ આપી દેવા તૈયાર હોઇએ છીએ.

એટલે સ્વાસ્થ્ય જાળવવું હોય, તો બીજી બધી બાબતો સાથે દરરોજ સવાર અને રાત્રે સમગ્ર શરીરનો, તેના અંગે અંગનો, આભાર માનવો જોઇએ. તેનાં કર્મોની કદર કરવી જોઇએ. તેના પ્રત્યે કૃતકૃત્યતા વ્યક્ત કરવી જોઇએ. અરીસા સામે ઊભી, શરીર સામે આદરપૂર્વક જોઇ, કહેવું જોઇએ કે, "હે મારાં શરીર, તું છો તો હું છું. આનંદો છે, એ આનંદો હું માણી શકું છું. સૌંદર્ય પી શકું છું. હું તારો પૂરો ખ્યાલ રાખીશ. તને સાચવીશ. તારી સતત કદર કરીશ."

એટલે, જે પણ હાજર છે, તેની માણવા વખતે, કદર કરો. તો તેને પણ આનંદ થશે કે ચાલો, કામ કરવું સાર્થક થયું.

આભાર! આભાર! આભાર!